# સુરત મહાનગરપાલિકા
# સુમન મા.શાળા સેલ.

---

સુમન.મા.શાળા સેલ/આઉટ/નં.૧૩૨
તારીખઃ ૨૬/૦૫/૨૦૨૨

પ્રતિ,
.......................................
.......................................
.......................................
.......................................

વિષયઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલો ખાતે Aptitude Test નું આયોજન કરવા બાબત.

| અ. નં. | Aptitude Test વિગત | એક વિદ્યાર્થી દીઠ રેટ રકમ રૂા. | GST દર રકમ રૂા. | કુલ રકમ રૂા. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| | | | | | |

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલો ખાતે Aptitude Test નું આયોજન કરવાના કામે નીચે સહી કરનાર સમક્ષ તા.૩૧/૦૫/૨૦૨૨નાં રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં બંધ કવરમાં ભાવપત્રકો મોકલવાનાં રહેશે.

Sd/-
ડે.મ્યુનિ.કમિશ્નર
સુમન મા.શાળા.સેલ
સુરત મહાનગરપાલિકા

## સુરત મહાનગરપાલિકા
## સુમન મા.શાળા સેલ.

---

<u>ભાવપત્રકની શરતો અને બોલીઓ</u>

| | |
|---|---|
| ૧. | ઈજારદાર (૧) સંસ્થા નોંધણી પ્રમાણપત્ર (૨) વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન અને (૩) જી.એસ.ટી સર્ટીફીકેટની સ્વપ્રમાણિત કરેલ હાર્ડકોપી તેમજ સદરહું ભાવપત્રકની મૂળ/ નકલ સહી–સિકકા સહિત બંધ કવરમાં અચૂક રજૂ કરવાનાં રહેશે. અને કવર ઉપર કામનું વર્ણન, રેફરન્સ નંબર તેમજ ભાવપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખનો ઉલ્લેખ કરી સુમન મા.શાળા સેલ સુરતને નિર્ધારીત તારીખ સુધીમાં મોકલી આપવાનું રહેશે. ત્યારબાદ મળેલ ભાવપત્રક/ઓફર સ્વીકારવામાં આવશે નહી. તે અંગેનો અબાધિત હકક સુમન મા.શાળા સેલને જ રહેશે. |
| ૨. | ઈજારદારે જણાવેલ ભાવો તમામ વેરા–ડયુટી, સ્થાનિકવેરા, સર્વિસ ચાર્જ વિગેરેનો સમાવેશ કરી રજુ કરવાના રહેશે. GST ના દરમાં જે કોઈ વધારો/ઘટાડો સરકારશ્રી દ્વારા કરવામાં આવશે તે પ્રમાણે વધારો/ઘટાડો કરવા ઈજારદારને બંધનકર્તા રહેશે. |
| ૩. | સુરત મહાનગપાલિકા જરૂર જણાયે શરતોમાં ફેરફાર કરી શકશે જે ઈજારદારને બંધન કર્તા રહેશે. |
| ૪ | સફળ ઈજારદાર તરફથી કવોટેશનમાં દર્શાવવામાં આ લ સરનામા ખરા છે અને તે સરનામામાં કોઈપણ ફેરફાર થાયતો તેની સુમન મા.શાળા.સેલને સફળ ઈજારદારે તાત્કાલિક લેખિત જાણ કરવાની રહેશે. સફળ ઈજારદારે જણાવેલા તેમના સરનામાં ઉપર જે કઈ પત્ર વ્યવહાર કરે તે કોઈપણ કારણસર પાછો આવે તો પણ તે તેને પહોચેલો ગણાશે. |
| ૫ | સફળ ઈજારદારને કામની સોંપણી થયેથી સદર કામ અંગે રૂ.૩૦૦/–ના એક એવા ત્રણ સ્ટેમ્પ પેપર ઉપર (૧) કરારનામુ (Article 5(h) Agreement (not otherwise Provided for) (૨) સ્યોરીટી– (Article 32 Letter of Guarantee) (૩) અંડર ટેકિંગ– (Article 29 Indemnity Bond) કરવાના રહેશે. (સ્યોરીટી આપનાર પાર્ટીના પુરાવા (આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, પાનકાર્ડ કરારનામુ સાથે અચુકથી દર્શાવવાના રહેશે.) |
| ૬ | સુરત મહાનગરપાલિકા દ્વારા એકવાર મંજુર થયેલા ભાવો બાબતે ઈજારો મંજુર કર્યા બાદ પાછળથી કોઈપણ જાતના ભાવમાં ફેરફારની માંગણી માન્ય રાખવામાં આવશે નહી. |
| ૭ | શરતી ભાવપત્રકો રદ થવાને પાત્ર રહેશે. |
| ૮ | ઉકત કામ અંગે કોઈ તર– તકરાર ચલાવી લેવામાં આવશે નહી તેમ છતા તમામ વિવાદ સુરત કોર્ટની હકુમતને આધિન રહેશે. |
| ૯ | કવોટેશનની વિગત અંગે વધુ માહિતી સુમન મા.શાળા સેલ, સુમન હાઈસ્કુલ નં–૨, મોહનની ચાલ, માતાવાડી, વરાછા, સુરત.–૩૯૫૦૦૬ પાસેથી કામકાજના દિવસ દરમ્યાન મળી શકશે. ફોન નંઃ– ૯૦૯૯૦૦૮૬૧૧ |
| ૧૦ | કામ અંગેના તકરારી મુદ્દામાં સક્ષમ સત્તાધિશનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. |
| ૧૧ | કવોટેશન સ્વીકારવાની આખરી તારીખના કામકાજના બીજા દિવસે અનુકુળતા હશે તો અથવા અન્ય અનુકુળ દિવસે/ સમયે કવોટેશનો ખોલવામાં આવશે. |
| ૧૨ | સુરત મહાનગરપાલિકા ધ્વારા બીલની ચુકવણી ઓન લાઈન કરવામાં આવતી હોય, આપશ્રી પાસે સુરત મહાનગરપાલિકાનો પાર્ટીકોડ ન હોય, તો તાકીદે સુરત મહાનગરપાલિકાના હિસાબી વિભાગનો સંપર્ક કરી પાર્ટીકોડ મેળવી લેવાનો રહેશે. પાર્ટીકોડ મેળવ્યા બાદ જ બીલની ચુકવણીની કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૩ | કોઈ પણ ભાવો કે તેના સાધનો માટેના ભાવો સ્વીકારવાના અથવા તમામ ભાવ દફતરે કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાને રહેશે તથા તે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહી. |
| ૧૪ | જે ઈજારદારનાં ભાવપત્રક મંજુર કરવામાં આવે તે ઈજારદારે અત્રેથી આપવામાં આવનાર વર્કઓર્ડરમાં જણાવેલ સુરત મહાનગરપાલિકાના નિયમાનુસાર સીકયુરીટી ડિપોઝીટ ભરવાની રહેશે. |

ડે.મ્યુનિ.કમિશ્નર
સુમન મા.શાળા.સેલ
સુરત મહાનગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી છે સમજી છે.
જે તમામ મને બંધનકર્તા છે અને રહેશે.
ઈજારદારની સહીઃ
તારીખઃ
સ્થળઃ